# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 01-03-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day : SUNDAY** **National News**

## આકાશવાણી સમાચાર જયેશ પટેલ વાંચે છે.

*****************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તમિલનાડુના મદુરાઈમાં ચાર હજાર ૪૦૦ કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોના ભૂમિપૂજન અને લોકાર્પણ કર્યા.
2. વિદેશ મંત્રી ડૉ.એસ.જયશંકરે ગલ્ફ દેશોના તેમના સમકક્ષો સાથે વાતચીત કરી - તણાવ ઓછો કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.
3. ઈરાનના સર્વોચ્ચ નેતા, આયાતુલ્લાહ અલી ખામેનીના મૃત્યુ બાદ અનેક દેશોમાં વિરોધ પ્રદર્શનો થયા.
4. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે AI, સેમિકન્ડક્ટર્સ અને ઇલેક્ટ્રોનિક મેન્યુફેક્ચરિંગની ત્રિપુટી ભારતના ઝડપી વિકાસ સાધશે.
5. ગુડ્સ અને સર્વિસ ટેક્સ,GST માં ચાલુ વર્ષે ફેબ્રુઆરીમાં ગયા વર્ષના સમાન મહિનાની તુલનામાં 8.1 ટકાનો વધારો.
6. ICC પુરુષ T20 વર્લ્ડ કપ ક્રિકેટમાં, કોલકતાના ઇડન ગાર્ડનમાં ભારત અને વેસ્ટઇન્ડિઝ વચ્ચે મેચ શરૂ.

.............................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM - MADURAI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે તમિલનાડુના મદુરાઈમાં ચાર હજાર ૪૦૦ કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોના ભૂમિપૂજન અને લોકાર્પણ કર્યા. આ પ્રોજેક્ટ્સમાં કુંભકોણમ, ચેરકૌડ અને વેલ્લોર ખાતે ત્રણ નવા આકાશવાણી એફએમ રિલે ટ્રાન્સમીટરનો સમાવેશ થાય છે. આ ટ્રાન્સમીટર પ્રાદેશિક કવરેજને વિસ્તૃત કરશે. અને રાજ્યના અનેક જિલ્લાઓમાં જાહેર પ્રસારણ સેવાઓની પહોંચ વધારશે. એનડીએની રેલીને સંબોધતા પ્રધાનમંત્રીએ કહ્યું કે, આજનો કાર્યક્રમ તમિલનાડુની વિકાસ યાત્રામાં એક ગૌરવપૂર્ણ પ્રકરણ છે. તેમણે કહ્યું કે, આ પ્રોજેક્ટ્સ કનેક્ટિવિટીમાં પરિવર્તન લાવશે, અર્થતંત્રને વેગ આપશે, રોજગારીનું સર્જન કરશે અને લાખો લોકોના જીવનમાં બદલાવ લાવશે.. ખેડૂતો માટે બજારો સુધી પહોંચવા માટે વધુ સારો રસ્તો, પ્રવાસીઓ અને યાત્રાળુઓ માટે સરળ મુસાફરી અને વ્યવસાયો માટે ઝડપી પરિવહન પૂરું પાડશે.

પ્રધાનમંત્રીએ તિરુપ્પરંકુન્દ્રમમાં અરુલમિગુ સુબ્રમણ્યસ્વામી મંદિરમાં દર્શન અને પૂજા પણ કરી હતી.

# PM - CANADA PM TALKS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને તેમના કેનેડિયન સમકક્ષ માર્ક કાર્ની આવતીકાલે નવી દિલ્હીમાં હૈદરાબાદ હાઉસ ખાતે પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટો કરશે. બંને નેતાઓ ભારત-કેનેડા વ્યૂહાત્મક ભાગીદારીના વિવિધ ક્ષેત્રોમાં અત્યાર સુધી થયેલી પ્રગતિની સમીક્ષા કરશે. તેઓ વેપાર અને રોકાણ, ઉર્જા, મહત્વપૂર્ણ ખનિજો, કૃષિ, શિક્ષણ, સંશોધન અને નવીનતા અને લોકો-થી-લોકોના સંબંધો સહિતના મુખ્ય સ્તંભોમાં ચાલી રહેલા સહયોગનો પણ અભ્યાસ કરશે. બંને નેતાઓ પ્રાદેશિક અને વૈશ્વિક વિકાસ પર વિચારોનું આદાન-પ્રદાન કરશે.

તેઓ  ભારત-કેનેડા સીઈઓ ફોરમમાં પણ હાજરી આપશે. અમારા સંવાદદાતાના અહેવાલ મુજબ, આ મુલાકાત ભારત-કેનેડા દ્વિપક્ષીય સંબંધોને સામાન્ય બનાવવાના એક મહત્વપૂર્ણ તબક્કે આવી રહી છે.

## JAISHANKAR-CALL -GULF

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે ગઈકાલે પ્રદેશમાં વધી રહેલા તણાવ વચ્ચે અનેક ગલ્ફ દેશોના તેમના સમકક્ષો સાથે વાતચીત કરી હતી, જેમાં વાતચીત અને રાજદ્વારી દ્વારા તણાવ ઓછો કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. ડૉ. એસ. જયશંકરે યુએઈના વિદેશ મંત્રી શેખ અબ્દુલ્લા બિન ઝાયેદ અલ-નાહ્યાન સાથે ગલ્ફમાં વિકસતી પરિસ્થિતિ અંગે ચર્ચા કરી હતી. તેમણે ભારતીય સમુદાયના કલ્યાણ માટે તેમના યુએઈ સમકક્ષની પ્રતિબદ્ધતાની પ્રશંસા કરી હતી. ડૉ. જયશંકરે સાઉદી અરેબિયાના વિદેશ મંત્રી પ્રિન્સ ફૈઝલ બિન ફરહાન સાથે ગલ્ફમાં ચાલી રહેલી પરિસ્થિતિ અંગે ચર્ચા કરી હતી. તેમણે પ્રાદેશિક શાંતિ અને ભારતીય સમુદાયની સલામતીમાં ભારતના હિત પર ભાર મૂક્યો હતો. વિદેશ મંત્રીએ કતારના વિદેશ મંત્રી શેખ મોહમ્મદ બિન અબ્દુલરહેમાન બિન જાસિમ અલ થાનીને પણ ફોન કર્યો હતો.   ડૉ. જયશંકરે બહેરીનના વિદેશ મંત્રી ડૉ. અબ્દુલલતીફ બિન રશીદ અલ ઝયાની સાથે પણ પ્રદેશમાં બની રહેલી ઘટનાઓ પર વિચારોનું આદાન-પ્રદાન કર્યું. વિદેશ મંત્રીએ તેમના કુવૈતી સમકક્ષ શેખ જરાહ જાબેર અલ-અહમદ અલ-સબાહ સાથે પણ વાત કરી તેમણે કહ્યું કે તેઓ ભારતીય સમુદાયના કલ્યાણ માટે કુવૈતના વિદેશ મંત્રીના આશ્વાસનની કદર કરે છે.

# REV. WORLDWIDE PROTEST- KHAMENEI DEATH

ઈરાનના સર્વોચ્ચ નેતા, આયાતુલ્લાહ અલી ખામેનીના મૃત્યુ બાદ ઘણા દેશોમાં મોટા પાયે શોક સભા અને વિરોધ પ્રદર્શનો થયાના અહેવાલ છે.

તેહરાન અને અન્ય ઈરાની શહેરોમાં, લાખો લોકોએ ઈસ્લામિક રિપબ્લિક ઓફ ઈરાનના નેતાનો શોક મનાવ્યો હોવાના અહેવાલ છે. ઈસ્ફહાન અને ઝાંઝાનમાં શેરીઓમાં ભીડ થઈ હતી.

બદલો લેવાના પ્રતીકાત્મક સંકેત તરીકે, ઈરાનમાં ધાર્મિક મહત્વ ધરાવતા સ્થળ, જામકરન મસ્જિદના ગુંબજ પર લાલ ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો

બગદાદમાં, લોકો શોક વ્યક્ત કરવા માટે શેરીઓમાં ભેગા થયા હતા.

ભારતમાં, દિલ્હીમાં ઈરાન કલ્ચરલ હાઉસની બહાર એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જમ્મુ અને કાશ્મીરમાં શિયા સમુદાયના સભ્યોએ શ્રીનગરમાં ભારત અને પાકિસ્તાનમાં સંયુક્ત રાષ્ટ્ર લશ્કરી નિરીક્ષક જૂથના મુખ્યાલયની બહાર વિરોધ પ્રદર્શન કર્યું હતું.

## ASHWINI VAISHNAV- GANDHINAGAR

કેન્દ્રીય ઇલેક્ટ્રોનિક્સ અને આઇટી મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, સેમિકન્ડક્ટર્સ અને ઇલેક્ટ્રોનિક મેન્યુફેક્ચરિંગનો ત્રિપુટી ભારતના ઝડપી વિકાસના આગામી તબક્કાને આગળ ધપાવવા માટે તૈયાર છે.

આજે ગુજરાતના ગાંધીનગરમાં ગુજરાત સેમીકનેક્ટ કોન્ફરન્સ 2026 ના ઉદ્ઘાટન પ્રસંગે બોલતા, શ્રી વૈષ્ણવે સેમિકોન 1 ની સફળતા પર પ્રકાશ પાડતા કહ્યું કે ભારત પહેલાથી જ દસ ઉત્પાદન પ્લાન્ટ સુરક્ષિત કરી ચૂક્યું છે. મંત્રીએ ભાર મૂક્યો કે સેમિકોન 2.0 હેઠળ નવી પ્રાથમિકતા એક મજબૂત ડીપ-ટેક સ્ટાર્ટઅપ વાતાવરણ બનાવવા અને જાપાન જેવા દેશોમાં જોવા મળતા પાયાની જેમ સમગ્ર ઉત્પાદન શૃંખલાનું સ્થાનિકીકરણ કરવાની છે.

મીડિયા સાથે વાત કરતા, શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે 10 સેમિકન્ડક્ટર પ્લાન્ટમાંથી, પહેલા પ્લાન્ટનું ઉત્પાદન ગઈકાલે શરૂ થયું હતું અને 2026 ના અંત સુધીમાં, ત્રણ વધુ પ્લાન્ટ કાર્યરત થશે.

### (બાઈટ-અશ્વિની વૈષ્ણવ)

અમારા સંવાદદાતાએ અહેવાલ આપ્યો છે કે ગુજરાતના મુખ્યમંત્રીએ કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવ સાથે મળીને આજે ગુજરાત સેમીકનેક્ટ કોન્ફરન્સના ઉદ્ઘાટન સત્ર દરમિયાન વિજ્ઞાન, ટેકનોલોજી અને નવીનતા (STI) નીતિ 2026-2031નું ઔપચારિક અનાવરણ કર્યું.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# GST COLLECTION - FEBRUARY

ગુડ્સ અને સર્વિસ ટેક્સ, GST વસૂલાત આ વર્ષે ફેબ્રુઆરીમાં ગયા વર્ષના સમાન મહિનાની તુલનામાં 8.1 ટકા વધીને એક લાખ 83 હજાર કરોડ રૂપિયાથી વધુ થઈ ગઈ છે. ફેબ્રુઆરી, 2025માં કુલ GST આવક એક લાખ 69 હજાર કરોડ રૂપિયાથી વધુ હતી. આ વર્ષે ફેબ્રુઆરીમાં સેન્ટ્રલ GST વસૂલાત 37 હજાર 473 કરોડ રૂપિયા અને સ્ટેટ GST 45 હજાર 900 કરોડ રૂપિયા હતી. ઇન્ટિગ્રેટેડ IGST વસૂલાત એક લાખ કરોડ રૂપિયાથી વધુ છે.

# REV. PREZ - NAGPUR INCIDENT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ સી પી રાધાકૃષ્ણન અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મહારાષ્ટ્રના નાગપુરમાં એક ફેક્ટરીમાં થયેલા વિસ્ફોટમાં થયેલી જાનહાનિ પર શોક વ્યક્ત કર્યો છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, રાષ્ટ્રપતિ મુર્મુએ પોતાના પ્રિયજનો ગુમાવનારા શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી અને ઘાયલોના ઝડપી સ્વસ્થ થવા માટે પ્રાર્થના કરી.

દરમિયાન, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ખાતરી આપી કે સ્થાનિક વહીવટીતંત્ર અસરગ્રસ્તોને મદદ કરી રહ્યું છે. શ્રી મોદીએ દરેક મૃતકના નજીકના સંબંધીઓ માટે પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી બે લાખ રૂપિયાની સહાયની પણ જાહેરાત કરી. તેમણે ઉમેર્યું કે ઘાયલોને 50 હજાર રૂપિયા આપવામાં આવશે.

# IRAN- INTERIM SUPREME LEADER

અલી ખામેનીની હત્યા બાદ વરિષ્ઠ ધર્મગુરુ આયાતુલ્લાહ અલીરેઝા અરાફી ઈરાનના વચગાળાના સુપ્રીમ લીડર તરીકે સેવા આપશે. સમાચાર એજન્સીના જણાવ્યા અનુસાર, ઈરાનની બંધારણીય પ્રક્રિયા હેઠળ અનુગામીની પસંદગી ન થાય ત્યાં સુધી સર્વોચ્ચ નેતાની ફરજો બજાવવા માટે જવાબદાર અસ્થાયી નેતૃત્વ પરિષદના ન્યાયશાસ્ત્રી સભ્ય તરીકે આયાતુલ્લાહ અલીરેઝા અરાફીની નિમણૂક કરવામાં આવી છે. ઈરાનની બંધારણીય પદ્ધતિ હેઠળ, વચગાળાના પરિષદમાં રાષ્ટ્રપતિ, મુખ્ય ન્યાયાધીશ અને ગાર્ડિયન કાઉન્સિલના એક ધર્મગુરુનો સમાવેશ થાય છે. હાલ આ સંસ્થા સંયુક્ત રીતે દેશનું નેતૃત્વ કરશે.

# ICC -T-20 WORLD CUP

ICC પુરુષ ટવેન્ટી ટવેન્ટી વર્લ્ડ કપ ક્રિકેટમાં, સેમિફાઇનલમાં સ્થાન બનાવવા માટે અત્યારે ભારત અને વેસ્ટઇન્ડિઝ વચ્ચે કોલકતાના ઇડન ગાર્ડનમાં રસાકસીભરી મેચ શરૂ થઈ છે. ભારતે ટોસ જીતી બોલિંગ પસંદ કરી છે. હમણાં મળતા અહેવાલ મુજબ વેસ્ટેઇન્ડીઝે 11.1 ઓવરમાં 1 વિકેટે 100 રન કર્યા છે.

આજે બપોરે નવી દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમ ખાતે રમાયેલી અન્ય મેચમાં દક્ષિણ આફ્રિકાએ ઝીમ્બાબ્વેને પાંચ વિકેટે હરાવ્યું છે.

# INDIAN LEBANON - ADVISORY

વિદેશ મંત્રાલયે લેબનોનમાં રહેતા તમામ ભારતીય નાગરિકો માટે એક સલાહ જારી કરી છે, જે પ્રદેશની વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને છે. લેબનોનમાં ભારતે પોતાની સલાહમાં કહ્યું છે કે બધા ભારતીય નાગરિકોએ બિનજરૂરી મુસાફરી ટાળવી જોઈએ, સતર્ક રહેવું જોઈએ અને સલામતી અને કટોકટી પ્રક્રિયાઓનું પાલન કરવું જોઈએ. તેમણે ઉમેર્યું હતું કે કોઈપણ કટોકટી માટે, ભારતીય નાગરિકો મોબાઇલ નંબર +9 6 1 7 6 8 6 0 1 2 8 દ્વારા દૂતાવાસનો સંપર્ક કરી શકે છે.

# PAK PROTESTERS KILLED

પાકિસ્તાનના કરાચીમાં હિંસક અથડામણમાં દસ લોકો માર્યા ગયા છે. યુએસ કોન્સ્યુલેટ તરફ કૂચ કરી રહેલા વિરોધીઓનો સામનો કરતી વખતે પોલીસ સાથે ઘર્ષણ દરમિયાન  ઘણા લોકો ઘાયલ થયા હતા. મોટાભાગે શિયા સમુદાયના વિરોધીઓ આજે વહેલી સવારે મોટી સંખ્યામાં એકઠા થયા હતા. હુમલામાં ઈરાનના સર્વોચ્ચ નેતા, આયાતુલ્લાહ અલી ખામેનીની હત્યાના અહેવાલો બાદ તેઓ પ્રદર્શન કરી રહ્યા હતા. અધિકારીઓનું કહેવું છે કે પરિસ્થિતિ હવે નિયંત્રણમાં છે. સમગ્ર વિસ્તારમાં સુરક્ષા કડક કરવામાં આવી છે.